રા.મ.ન.પા/વો.વ./જા. નં.૬૮૪ તારીખ :૧૫/૦૭/૨૦૨૬

વિષય : તા.૨૦/૦૭/૨૦૨૬ના રોજ યોજાનાર જનરલ બોર્ડમાં સભ્યશ્રી દ્વારા રજુ કરેલ પ્રશ્નનો જવાબ

સભ્યશ્રી નું નામ :શ્રીમતી ધર્મિષ્ઠાબેનપરમાર વોર્ડ નં. ૦૬

| પ્રશ્ન નં. | પેટા પ્રશ્ન નં. (જો હોય તો દર્શાવવો) | પ્રશ્નની વિગત | જવાબ |
|---|---|---|---|
| ૨૨ | ૧.૦ | વરસાદી પાણી જમીનમાં ઉતરે તે માટે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શહેરના જુદા જુદા વિસ્તારોમાં શી વ્યવસ્થા કરવામાં આવેલ છે?. | - વરસાદી પાણી જમીનમાં ઉતારવા માટે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા અલગ અલગ સ્થળો જેમ કે, પમ્પીંગ સ્ટેશન, ફીલ્ટર પ્લાન્ટ, વોર્ડ ઓફિસ, આરોગ્ય કેંદ્ર, આંગણવાડી, ફાયર સ્ટેશન, વિગેરે જગ્યાએ રૂફ ટોપ વોટર હાર્વેસ્ટીંગ સ્ટ્રક્ચર્સ તૈયાર કરી, તેમજ શહેરના બંધ બોરને સરફેસ વોટર હાર્વેસ્ટીંગ સીસ્ટમ દ્વારા કુલ – ૫૩૫૯ સ્ટ્રક્ચર્સ બનાવીને રીચાર્જ કરવામાં આવેલ છે તથા શહેરમાં ગીર ગંગા ટ્રસ્ટના સહયોગથી રાજકોટ મહાનગરપાલિકાને કોઇપણ જાતના ખર્ચ વગર કુલ ૦૬ ચેક ડેમ બનાવવામાં આવેલ. ચેકડેમની વિગત દર્શાવતું પત્રક આ સાથે સામેલ છે.<br>- રાજકોટ મહાનગરપાલિકા દ્વારા વર્ષ – ૨૦૨૪ માં રેઇન વોટર હાર્વેસ્ટીંગ માટે જનભાગીદારી યોજના અંતર્ગત ૯૦-૧૦ ની સ્કીમ જાહેર કરવામાં આવેલ. જે અંતર્ગત કુલ ખર્ચની ૯૦ ટકા રકમ રાજકોટ મહાનગરપાલિકાભોગવશે તથા |

| | | | | |
|---|---|---|---|---|
| | | | | બાકીની ૧૦ ટકા રકમ સોસાયટી/ સામાજીક સંસ્થાઓએ ભોગવવાની રહેશે.<br>- શહેરમાં અલગ અલગ જગ્યાએ ઝોનવાઇઝ પાણી ભરાવાના સ્થળો(Water Logging Area) ની યાદી તૈયાર કરી વધુમાં વધુ વરસાદી પાણી જમીનમાં ઉતરે તે માટે બોર બનાવવાની કામગીરી શરૂ કરવામાં આવેલ છે. |

શાખા: વોટર મેનેજમેન્ટ યુનિટ

શાખાધિકારીની સહી:

શાખાધિકારીનું નામ: શ્રી કે.પી.દેથરિયા

હોદ્દો:એડી.સીટી.એન્જીનીયર(વો.મે.યુ.)

## રાજકોટ મહાનગરપાલિકા
## વોટર મેનેજમેન્ટ યુનિટ

તારીખ: ૧૫.૦૭.૨૦૨૬

### એક્વિફાયર મેનેજમેન્ટ અને વોટર રીચાર્જ પહેલ અંગેના મુખ્ય મુદ્દાઓ

- રાજકોટ મહાનગરપાલિકા એ NIUA ના સહયોગથી Aquifer Management માટે DPR (Detailed Project Report) તૈયાર કરેલ છે. તેનો હેતુ શહેરના હિતધારકોને Shallow Aquifers ના વૈજ્ઞાનિક સંચાલન અંગે વ્યવહારુ અને કાર્યલક્ષી જ્ઞાન આપવાનો તથા રિચાર્જ વેલ (Recharge Wells) ના ઉપયોગનું પ્રદર્શન કરવાનો છે.

- શહેરના તમામ વોર્ડમાં વૈજ્ઞાનિક સર્વે કરવામાં આવ્યો છે, જેમાં એક્વિફાયરની ઊંડાઈ માપવામાં આવી છે અને તે મુજબ બોરવેલનું રિચાર્જિંગ કરવામાં આવે છે.

- તાજેતરમાં રાજકોટ મહાનગરપાલિકાએ વરસાદી પાણીના સંગ્રહ (Rainwater Harvesting) ના અસરકારક અમલીકરણ માટે 'સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજર (SOP)' તૈયાર કરી છે.

- અત્યાર સુધીમાં કુલ ૭૫૩૨ વરસાદી પાણી સંચય પધ્ધતિ (Rainwater Harvesting Systems) અમલમાં મુકવામાં આવી છે, જેના પરિણામે દર વર્ષે અંદાજે ૬૭૭.૮૮ લાખ લિટર વરસાદી પાણીનો સંગ્રહ થાય છે અને ૩૧૦ બંધ (Defunct) બોરવેલ તેમજ રૂફટોપ રીચાર્જ સ્ટ્રકચરનું રિચાર્જિંગ કરીને તેને ફરીથી ચાલુ કરવામાં આવ્યા છે.

- બે ચેકડેમોમાં પરકોલેશન બેડ સિસ્ટમ અમલમાં મુકવામાં આવી છે. લાખાણી સરોવરમાં – ૧૨,૪૧,૮૫,૦૦૦ લિટર અને કોપર એલિગન્સ – ૩,૯૭,૩૦,૦૦૦ લિટર પાણીનો સંગ્રહ થાય છે. દરેક પરકોલેશન બેડનો બાંધકામ ખર્ચ રૂ. ૨,૦૯,૦૦૦/- છે. (આ ખર્ચ માત્ર હાલના ચેકડેમમાં પરકોલેશન બેડના બાંધકામ માટેનો છે.) આ ખર્ચ કેન્દ્ર સરકારશ્રી દ્વારા આપવામાં આવેલ.

- રાજકોટ શહેરના વિવિધ વિસ્તારોમાં ૬ નવા ચેકડેમ બનાવવામાં આવ્યા છે, જેના પરિણામે ૬૪૫૭ લાખ લિટર પાણી સંગ્રહ ક્ષમતા ઉભી થઈ છે. આ ઉપરાંત,અટલ સરોવર 1, 2 અને 3, રામ વન 1 અને 2 એમ કુલ 5 તળાવો વિકસાવવામાં આવ્યા છે, જેની કુલ પાણી સંગ્રહ ક્ષમતા ૧૦,૨૪૫ લાખ લિટર છે. આમ કુલ પાણી સંગ્રહ ક્ષમતા: ૧૬,૭૦૨ લાખ લિટર છે.

- રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શાળાઓ, સમુદાયો અને અન્ય સંસ્થાઓના સહયોગથી વરસાદી પાણી સંચય અંગે જનજાગૃતિ અભિયાન ચલાવવામાં આવ્યું છે.

- ખાનગી મિલકતોમાં વરસાદી પાણી સંચય પદ્ધતિ (Rain Water Harvesting System) યોગ્ય રીતે કાર્યરત રહે તે માટે રાજકોટ મહાનગરપાલિકાએ "રીફંડેબલ ડીપોઝીટની સીસ્ટમ" અમલમાં મૂકી છે. બાંધકામ દરમિયાન બિલ્ડર પાસેથી પૂર્વ નિર્ધારિત ડીપોઝીટ લેવામાં આવે છે.RWH સિસ્ટમ એક વર્ષ સફળતાપૂર્વક કાર્યરત રહે તો ૫૦% ડીપોઝીટ પરત આપવામાં આવે છે અને બે વર્ષ સુધી સફળ કામગીરી બાદ ૧૦૦% ડીપોઝીટ પરત આપવામાં આવે છે.

➤ રેઇનવોટર હાર્વેસ્ટિંગ ડીપોઝીટ પોલિસી હેઠળ ૪૮૮૯ મિલકતોમાંથી અંદાજે રૂ.૨.૪૧ કરોડ ડીપોઝીટ પેટે જમા લેવામાં આવેલ છે.

જલ સંચય જન ભાગીદારી યોજના હેઠળ RWHS ની વિગતો:-

- JSJB 1.0: ૨૬૩૫
- JSJB 2.0: ૪૮૯૭
- JSJB 3.0: ટાર્ગેટ ૭૪૧ નો લેવામાં આવેલ છે.

➤ રાજકોટ મહાનગરપાલિકા કેન્દ્ર સરકારના "Catch the Rain Campaign" તથા "જલ સંચય જન ભાગીદારી" અભિયાન હેઠળ વરસાદી પાણીના સંગ્રહને મહત્તમ બનાવવાના પોતાના પ્રયાસો માટે પ્રતિબદ્ધ છે.

➤ રાજકોટ મહાનગરપાલિકા દ્વારા વરસાદી પાણીના સંગ્રહ માટે શહેરમાં જુદા જુદા સ્થળોએ હોર્ડિંગ, બેનર લગાડવાવામાં આવેલ છે તેમજ સોશિયલ મીડિયામા પણ આ બાબતે પાણીના સંગ્રહ અંગે પોસ્ટ કરવામાં આવેલ છે.

➤ રાજકોટ મહાનગરપાલિકા દ્વારા તમામ વોર્ડ ઓફીસ ,ઝોન ઓફીસ વિગેરે જગ્યા પર સ્ટેન્ડી મૂકી ને આ બાબતે જળ સંવાદ કરીને લોકો ને આ બાબતે જાગૃતિ ફેલાવવા કાર્યક્રમ હાથ ધરવામાં આવશે.

➤ વરસાદી પાણીના સંગ્રહને મહત્તમ બનાવવા આ અંગે સામાજિક સંસ્થા, શાળા કોલેજ યુનિવર્સિટી વિગેરે જગ્યા પર જળ સંવાદ દ્વારા પાણી બચાવવા માટે અભિયાન હાથ ધરવામાં આવેલ છે.

## ગીર ગંગા પરીવાર ટ્રસ્ટ દ્વારા દાતા પાસેથી દાન મેળવી નીચેની વિગતે ચેક ડેમ બનાવવામાં આવેલ છે.

| ક્રમ | ચેક ડેમનું નામ | ચેક ડેમ બનાવ્યાની તારીખ | એરીયા (સ્કે.મી.માં) | ઉંડાઇ (ફૂટમાં) | કેપેસીટી (ઘન મીટરમાં) | દાતાની વિગત |
|---|---|---|---|---|---|---|
| ૧ | પામ યુનિવર્સ સરોવર | ૦૯/૦૫/૨૦૨૪ | ૪,૪૦૮ | ૧૦ | ૪૪,૦૮૦ | આસપાસના રહેવાસીઓ પાસેથી |
| ૨ | લાખાણી સરોવર | ૦૯/૦૬/૨૦૨૪ | ૮,૨૭૯ | ૧૫ | ૧,૨૪,૧૮૫ | હરીશભાઇ લાખાણી |
| 3 | જીબીયા સરોવર | ૧૮/૦૬/૨૦૨૪ | ૫,૨૪૭ | ૧૨ | ૬૨,૯૬૪ | PGVCLસ્ટાફ તરફથી |
| ૪ | કોપર એલીગન્સ | ૨૨/૦૬/૨૦૨૪ | 3,૯૭3 | ૧૦ | 3૯,૭3૦ | કોપર એલીગન્સના રહેવાસીઓ પાસેથી |
| ૫ | રોલેક્ષ સરોવર | ૦૭/૦૭/૨૦૨૪ | ૫,૪૯૨ | ૩૫ | ૧,૬૪,૭૬૦ | રોલેક્ષ બેરીંગ કંપની |
| ૬ | વીર વીરુ સરોવર | ૨૨/૦૬/૨૦૨૩ | ૭,૨૦૦ | ૨૦ | ૨,૧૦,૦૦૦ | અલગ અલગ દાતાઓ તરફથી |
| | કુલ | | ૩૪,૫૯૯ | | ૬,૪૫,૭૧૯ (૬,૪૫૭ લાખ લીટર) | |

રા.મ.ન.પા/દ.હ.વિ./જા.નં.૩૦૮ તારીખ:-૧૫/૦૭/૨૦૨૬

વિષય : તા.૨૦/૦૭/૨૦૨૬ ના રોજ યોજાનાર જનરલ બોર્ડમાં સભ્યશ્રી દ્વારા રજુ કરેલ પ્રશ્નનો જવાબ.

સભ્યશ્રીનું નામ :- શ્રી ધર્મિષ્ઠાબેન પરમાર, વોર્ડ નં.-૦૬.

| પ્રશ્ન નં. | પ્રશ્નની વિગત | જવાબ |
|---|---|---|
| ૨૨(૨) | સંત કબીર રોડ પર, ભાવનગર રોડ પર, દુધસાગર રોડ પર, તેમજ ચુનારાવાડ શેરી નં-૧ થી શરૂ કરી ભાણજીબાપાવાળા પુલ પાસે રોડ પર ધંધાર્થીઓના દબાણ છે. જે હટાવવા અંગે શી કાર્યવાહી કરવામાં આવે છે ? | ➢ રાજકોટ મહાનગરપાલિકાની દબાણ હટાવ શાખા દ્વારા દૈનિક સંત કબીર રોડ, ભાવનગર રોડ, દુધસાગર રોડ તેમજ ચુનારાવાડ ચોકના આસપાસના વિસ્તારાના ફૂટપાથ પરના અસ્થાયી દબાણો દૂર કરવામાં આવે છે.<br>➢ દબાણ હટાવ શાખા દ્વારા અપ્રિલ-૨૦૨૬ થી જુન-૨૦૨૬ છેલ્લા ત્રણ માસ દરમિયાન ઈસ્ટ ઝોન વિસ્તારના મુખ્ય રોડ પરથી જપ્ત કરવામાં આવેલ માલ-સામાનની વિગત નીચે મુજબ છે. |

| એપ્રિલ-૨૦૨૬ | | | | |
|---|---|---|---|---|
| રોડ | રેકડી/ કેબિન | પરચુરણ સામાન | શાકભાજી/ ફળ/ફુલ (કિ.ગ્રા.) | વહિવટી/મંડપ ચાર્જ (રૂ.) |
| સંતકબીર રોડ | ૪ | ૯ | ૧૫૦ | ૧૮,૭૫૦/- |
| ભાવનગર રોડ | 3 | ૧૪ | ૧૦૯ | - |
| દુધસાગર રોડ | ૨ | ૮ | - | 3,000/- |
| ચુનારાવાડ વિસ્તાર | ૦૧ | ૧૩ | - | ૫,૦૦૦/- |
| ટોટલ | ૧૦ | ૪૪ | ૨૫૯ | ૨૬,૭૫૦/- |

| મે-૨૦૨૬ | | | | |
|---|---|---|---|---|
| રોડ | રેકડી/કેબિન | પરચુરણ સામાન | શાકભાજી/ ફળ/ફુલ (કિ.ગ્રા.) | વહિવટી/મંડપ ચાર્જ (રૂ.) |
| સંતકબીર રોડ | ૨ | ૦૨ | ૧૨૦ | |
| ભાવનગર રોડ | ૨ | ૨૯ | ૧૭૯ | - |
| દુધસાગર રોડ | ૭ | 3 | - | - |
| ચુનારાવાડ વિસ્તાર | 3 | ૫ | - | - |
| ટોટલ | ૧૪ | ૩૯ | ૨૯૯ | - |

| જુન-૨૦૨૬ | | | | |
|---|---|---|---|---|
| રોડ | રેકડી/ કેબિન | પરચુરણ સામાન | શાકભાજી/ફળ/ફુલ (કિ.ગ્રા.) | વહિવટી/ મંડપ ચાર્જ (રૂ.) |
| સંતકબીર રોડ | ૧૧ | ૪૮ | ૧૧૮ | ૭,૫૦૦/- |
| ભાવનગર રોડ | ૧ | ૧૧ | ૫૪ | - |
| દુધસાગર રોડ | ૩ | ૭ | - | ૩,૫૦૦/- |
| ચુનારાવાડ વિસ્તાર | ૫ | ૧૪ | - | - |
| ટોટલ | ૨૦ | ૮૦ | ૧૭૨ | ૧૧,૦૦૦/- |

- દબાણ હટાવ શાખા દ્વારા ઈસ્ટ ઝોન વિસ્તારમાંથી એપ્રિલ-૨૦૨૬ થી ૧૩ જુલાઈ-૨૦૨૬ સુધીમાં જપ્ત કરવામાં આવેલ માલસામાનની વિગત નીચે મુજબ છે.

| એપ્રિલ-૨૦૨૬ થી ૧૩-જુલાઈ-૨૦૨૬ | | | | |
|---|---|---|---|---|
| માસ | રેકડી/ કેબિન | પરચુરણ સામાન | શાકભાજી /ફળ/ફુલ (કિ.ગ્રા.) | વહિવટી/મંડપ ચાર્જ (રૂ.) |
| એપ્રિલ-૨૦૨૬ | ૧૩ | ૨૪૫ | ૧૨૫૩ | ૨,૫૬,૯૦૦/- |
| મે-૨૦૨૬ | ૫૮ | ૧૬૨ | ૨૩૫૩ | ૩,૮૧,૫૦૦/- |
| જુન-૨૦૨૬ | ૩૮ | ૨૫૯ | ૧૦૦૩ | ૪,૦૧,૭૫૦/- |
| જુલાઈ-૨૦૨૬ ૧૩/૦૭/૨૦૨૬ સુધી | ૫૯ | ૮૯ | ૭૯૪ | ૧૯,૮૦૦/- |
| ટોટલ | ૧૬૮ | ૭૫૫ | ૫૪૦૩ | ૧૦,૫૯,૯૫૦/- |

શાખા:- દબાણ હટાવ વિભાગ

શાખાધિકારીની સહી:- ..........

શાખાધિકારીનું નામ:- પી.જે.બારીયા

હોદ્દો:- એન્ક્રોચમેન્ટ ઓફિસર